# અજય મોદી ટ્રાવેલ્સ ના ઈકોનોમી પ્રવાસો

## લોનાવાલા-ખંડાલા-ઈમેજીકા-

## પંચગીની-મહાબળેશ્વર-ગોવા

## ગુજરાત સરકાર માન્ય એલ.ટી.સી. પ્રવાસ...

| અમદાવાદ થી પ્રવાસ ઉપડવાની તારીખ | | **જુલાઈ :** ૧૯, ૨૯ **ઓગષ્ટ:** ૦૫, ૧૦, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૨૦, ૨૮<br>**સપ્ટેમ્બર :** ૦૬, ૧૩, ૨૦, ૨૭ | ૦૯ દિવસ |
|---|---|---|---|

| તારીખ | દિવસ | અંદાજીત કાર્યક્રમ | રાત્રિ રોકાણ | |
|---|---|---|---|---|
| | ૦૧ | અમદાવાદ-બરોડા-સુરત થી બસ દ્વારા મહાબળેશ્વર જવા રવાના. (ડિનર) | નાઈટ જર્ની | D |
| | ૦૨ | સવારે ૧૧-૦૦ કલાકે મહાબળેશ્વર આગમન... લેક, મેપ્રો ગાર્ડન સાઈટ સીન (ટેક્ષી દ્વારા સ્વખર્ચે) રાત્રિ રોકાણ. | મહાબળેશ્વર | B,L,D |
| | ૦૩ | સવારે રૂમ ચેક-આઉટ, પંચગીની સાઈટસીન ત્યારબાદ રાત્રિ ડિનર અને ગોવા જવા પ્રસ્થાન | નાઈટ જર્ની | B,L,D |
| | ૦૪ | સવારે ગોવા આગમન, હોટલ ચેકઈન (૧૨ કલાકે) બપોરનું ભોજન | ગોવા | B,L,D |
| | ૦૫ | સાઉથ ગોવા. મીરામાર બીચ, પણજી સીટી, સેન્ટ ફ્રાન્સિસ્કો ચર્ચ, બોટ ક્રુઝ ( ટિકિટ સ્વખર્ચે ) | ગોવા | B,L,D |
| | ૦૬ | સવારે હોટલ ચેક આઉટ, નોર્થ ગોવા સાઈટ સીન, અગોડા ફોર્ટ રાત્રે લોનાવાલા જવા પ્રસ્થાન | નાઈટ જર્ની | B,L,D |
| | ૦૭ | સવારે લોનાવાલા આગમન, ખંડાલાની મુલાકાત, ખરીદી અને આરામ | લોનાવાલા | B,L,D |
| | ૦૮ | લોનાવાલાથી ઈમેજીકા પાર્ક (એન્ટ્રી સ્વખર્ચે) ૩૦ કિમી સાંજે અમદાવાદ રવાના | નાઈટજર્ની | B,D |
| | ૦૯ | સવારે અમદાવાદ આગમન | પ્રવાસ પૂર્ણ | |

**2 X 2 A/C BUS** | B = બ્રેકફાસ્ટ | L = લંચ | D = ડિનર

| આખી ટિકિટ | અડધી ટિકિટ |
|---|---|
| રૂા.૧૩,૦૦૦/- | રૂા.૧૦,૫૦૦/- |
| વ્યક્તિ દિઠ | બાળક દિઠ (૩ થી ૧૧ વર્ષ) |

+ GST Extra as applicable ( Non Refundable )

**મળવા પાત્ર સગવડો :**

(૧) હોટલમાં ફેમિલી/કપલ દિઠ રૂમ (૨) ગોવામાં સ્વીમીંગપુલ સાથેનો રીસોર્ટ/હોટલમાં એ.સી. રૂમ (૩) પંચગીની /મહાબળેશ્વર/લોનાવાલા હિલ સ્ટેશન હોવાથી નોન એ.સી. રૂમ મળશે. (૩) પ્રવાસ દરમ્યાન ઉપર મુજબ બ્રેકફાસ્ટ-લંચ-ડિનર આપવામાં આવશે. આ પ્રવાસમાં ભોજન વ્યવસ્થા માટે બસમાં જ રસોડુ રહેતુ હોય છે તેથી જે તે સ્થળે અનૂકુળતા મુજબ ભોજન આપવામાં આવશે. ઈકોનોમી પ્રવાસમાં દિવસમાં એક જ વખત ફરસાણ અને મીઠાઈ આપવામાં આવશે.

**નોંધ :** (૧) મહાબળેશ્વર, પંચગીની, લોનાવાલા લોકલ સાઈટસીન ટેક્ષી ખર્ચ, તથા ઈમેજીકા પાર્કની પ્રવેશ ફી તથા બપોરનું ભોજન સ્વખર્ચે રહેશે. ( ૨) પ્રવાસીઓની સંખ્યા થશે તેટલા જ સીટની કેપેસીટીવાળી બસમાં પ્રવાસનું આયોજન રહેશે (૩) હોટલમાં બપોરે ૧૨ કલાકે રૂમ ચેકઈન તથા સવારે ૦૯ કલાકે રૂમ ચેકઆઉટ કરવાના રહેશે (૪) કંપનીની બસ જ્યાં નહી જાય ત્યાંથી આગળ પ્રવાસીઓએ ટેક્ષી અથવા રીક્ષા દ્વારા સ્વખર્ચે જવાનું રહેશે ( ૫ ) એ.સી. બસમાં સામાન્ય ઠંડક રહેશે.

**હવે ટુંક સમયમાં આપની સેવામાં :** ગોકુળ-મથુરા-વૃંદાવન-હરિદ્વાર-ઋષિકેશ (૨) સિમલા-કુલુ-મનાલી-ડેલહાઉસી-ખજીયાર-અમૃતસર (૩) કલકત્તા-ચંપારણ્ય-ગંગાસાગર-જગન્નાથપુરી (૪) જોધપુર-જેસલમેર **ના ઈકોનોમી પ્રવાસો પણ શરૂ થઈ રહેલ છે. અને આ પ્રવાસોમાં એક તરફી વિમાન પ્રવાસ સાથે.....**

# ફેમીલી ટુર્સના નિયમો - સુચનો - સગવડતા - અગવડતા અવશ્ય વાંચવા

**પ્રવાસ - સીટ કેન્સલ કરાવવા સંબંધિત નિયમો :** કોઈપણ કારણસર બુકીંગ કરાવ્યા પછી ટીકીટ/સીટ કેન્સલ કરાવશે તો પ્રવાસ ઉપડવાની તારીખથી ૩૦ દિવસ પહેલા એક ટીકીટ/સીટ પ્રમાણે રૂા. ૧૦૦૦/-, ૧૫ દિવસ પહેલા રૂા.૨૦૦૦/-, ૧૦ દિવસ પહેલા રૂા.૪૦૦૦/-, ત્યારબાદ કોઈ રીફંડ મળશે નહીં. અને કેન્સલેશન કાપ્યા બાદની રકમની એક વર્ષ સુધીની ક્રેડીટ નોટ આપવામાં આવશે. જે પ્રવાસીએ કોઈપણ પ્રવાસમાં જોડાઈને વાપરી શકશે.

બસ ઉપડવાના સમય પહેલા કોઈપણ કારણોસર (બિમારી-અકસ્માત-મરણ વિગેરે) પ્રવાસી ટીકીટ કેન્સલ કરાવતા બીલની પૂરેપૂરી રકમના ફક્ત ૨૫% રકમ રીફંડ આપવામાં આવશે. લેખીત કારણસર રજૂઆત કરવી. દસ દિવસ પહેલા બીલની પૂરી રકમ ભરવાની હોય છે. નહીં ભરનારની સીટબુકીંગ/ટિકીટ રદ/કેન્સલ કરવામાં આવશે. તેની ખબર આપવામાં આવશે નહીં. કોઈપણ કારણસર ભરેલી રકમનું રીફંડ આપવામાં આવશે નહીં. બુકીંગ/સીટ કેન્સલ કરાવવા માટે લેખીતમાં કારણ દર્શાવી બીલ સાથે રજૂ કરવાનું રહેશે. લેખીતમાં અરજી મળ્યા પછી ઉપર લખ્યા મુજબ નિયમો અનુસાર ચાર દિવસ પછી રીફંડ આપવામાં આવશે. ફોન ઉપર બુકીંગ કેન્સલ અથવા ફેરફાર કરવામાં આવશે નહીં. અધવચ્ચેથી પ્રવાસ છોડી આવનારને (કોઈપણ કારણસર) કોઈપણ જાતનું રીફંડ મળશે નહીં.

**વાહન વ્યવસ્થા :** ડિલક્ષ ૨X૨ પુશબેક ચેર બસ પ્રવાસમાં જણાવ્યા મુજબ બસો બીજી ટ્રાવેલ્સ કંપનીની ભાડે લઈ આયોજન કરવામાં આવે છે. મેનેજમેન્ટ અજય મોદી ટ્રાવેલ્સ કંપનીનું રહેશે. રસોડું કન્ડક્ટર્સ સાથે રહે છે. સીટ નંબર બસ બેઠકમાં બસની બેઠક પ્રમાણે ફેરફારની શક્યતા રહે છે. દરેક બાબતની એક બે દિવસ પહેલા ખાત્રી કરી લેવી. બસ માં ટેપ રેકર્ડ રહેશે (ટીવી - વિડિયો પ્રતિબંધ છે ). એ.સી. બસના પ્રવાસમાં મોટી એ.સી. બસ ૩૫ થી ૪૦ સીટ અથવા મીની એ.સી. બસ ૨૦ થી ૨૮ સીટની હોય છે. સંખ્યા પ્રમાણે બસ પ્રવાસમાં આવશે. સતત ૩ કલાક એસી ચાલ્યા પછી ૨૦ મીનીટ એસી બંધ તથા ઉભેલી બસમાં એસી બંધ રાખવામાં આવે છે. સંજોગોવસાત હિલ/ઘાટ ઉપર એ.સી. બંધ કરવામાં આવે છે. એ.સી. કોચમાં ટેકનીકલ ખરાબીથી એ.સી. બંધ થાયતો તે રીફંડની જોગવાઈ નથી. શક્ય હોય ત્યાં રીપેર કરવામાં આવશે. એ.સી. બસનો એક્સ્ટ્રા ચાર્જ/ભાડામાં નથી. પ્રવાસ દરમ્યાન રોજ બે વખત તમામ પ્રવાસીઓએ ફરજીયાત રોટેશન કરવાનું રહેશે.

**રહેઠાણની વ્યવસ્થા :** કંપનીએ નક્કી કરેલ હોટલ (સાદી, સારી, ડબલબેડ, એટેચ બાથ સાથે)માં રાત્રિ રોકાણની વ્યવસ્થા હોય છે. રાત્રી રોકાણ એક થી બે હોટલમાં થશે. સાબુ તેમજ ટુવાલ ઘરેથી લાવવા. ગરમપાણી અને ટીવી મરજીયાત છે. હોટલમાં રૂમ સર્વિસ હોતી નથી. હોટલમાં ચેકઈન/આઉટ સમય પ્રમાણે સવારે ૦૯ થી ૧૦ કલાકે પ્રવેશ તથા રૂમો ખાલી કરવાની રહેશે. પ્રવાસીઓ હોટલની રૂમ પંસદના પડે તો રૂા ૭૦૦/- લેખે રાત્રિ રોકાણના પરત આપવામાં આવશે. તેમણે જાતે બીજે વ્યવસ્થા કરી લેવાની રહેશે. સંચાલકની કોઈ જવાબદારી રહેશે નહીં. ઘણી જગ્યાએ સીટીથી દૂર હોટલ હોય છે. દરેક જગ્યાએ તથા દરેક પ્રવાસીને એક સરખી હોટલ/ગેસ્ટ હાઉસ તેમજ એક સરખી રૂમોમાં સગવડ મળતી નથી. હોટલમાં કપડાં ધોવાની મનાઈ હોય છે. હોટલની રૂમમાં પ્રવાસી દ્વારા થતી નુકશાની આપવાની રહેશે.

**ભોજન વ્યવસ્થા :** પ્રવાસ દરમ્યાન પ્રવાસમાં નાસ્તા માટે ડિશ ચમચીની વ્યવસ્થા સંચાલક તરફથી રહેશે. આખા દિવસમાં સવારે ચા નાસ્તો તેમજ બે ટાઈમ ભોજનની વ્યવસ્થા રહેશે. આકસ્મિક કોઈ કારણસર રસોઈ ન બને તો તેવા સમયે એક સમયે જમવાના આખી ટિકીટ દિઠ રૂા.૧૦૦/-, ચા-કોફી ના રૂા.૩૦/- તથા નાસ્તાના રૂા.૫૦/- રોકડા આપવામાં આવશે. આખા દિવસના રૂા.૧૮૦/- (વધુમાં વધુ ચા-નાસ્તો જમવાના) આપવામાં આવશે. પ્રવાસીઓએ જાતે જ વ્યવસ્થા કરવાની રહેશે. દિવસમાં એકજ વખત ફરસાણ અને મિઠાઈ આપવામાં આવશે. પાપડ, અથાણું, સલાડ, બાસમતી ચોખા, કપાસીયા તેલ (પેક્ડ ટીન), રોટલી, ભાતમાં ચોખ્ખુ ઘી વિગેરે રસોડું રસોઈયા સાથે રહે છે. તથા હોટલમાં શક્ય જમવાની વ્યવસ્થા થાય છે - મરજીયાત અવારનવાર અનુકૂળતાએ સવારે ચા સાથે હળવો/લાઈટ નાસ્તો આપવામાં આવશે. પ્રવાસીઓએ સવાર માટે પોતાની રૂચી પ્રમાણે નાસ્તો ઘરેથી લાવવો.

**પ્રવાસમાં ઘરેથી સાથે લઈ જવાની વસ્તુઓ :** પ્રવાસીઓએ કપડાં માટેની નાની સાઈઝની મજબુત ઉંચકી શકાય તેવી બેગ રાખવી. તેમજ અંગત જરૂરીયાત મુજબનો સામાન તેમજ દવા લેવી. કિંમતી દાગીના પ્રવાસમાં સાથે નહીં રાખવા વિનંતી. ચોરી, લુંટ અકસ્માત અન્ય કારણસર કંપની/સંચાલકની જવાબદારી રહેશે નહીં. બેગ/મોટુ લગેજ બસની ઉપર રહેશે. કિંમતી ઘરેણા/મની પર્સ/કેમેરા/ઘડિયાળ/રોકડ રકમ બસની ઉપર લગેજમાં ન રાખતા પ્રવાસીએ પોતાની સાથે રાખવા વિનંતી. ઠંડીમાં ગરમ કપડાં, શાલ, સ્વેટર, હાથના મોજાં, કાન ટોપી, જરૂરી દવા તથા ગરમીમાં વોટરબેગ સાથે રાખવા વિનંતી. પોતાનો સામાન જાતે બસમાં તથા રૂમમાં મુકવાનો તેમજ ચડાવવાનો રહેશે. વસ્તુઓ ખોવાઈ ન જાય/ચોરાઈ ન જાય તેની કાળજી રાખવી. હોટલ રૂમ અને બેગને તાળું લગાવી રાખવું. લગેજ ઉપર નામ તથા સરનામું લખવું. રોકડ રકમ પૈસા પોતાની સાથે સાચવી રાખવા તથા ટ્રાવેલીંગ ચેક/એટીએમ કાર્ડ સાથે રાખવા વિનંતી. વધુ જોખમ-રોકડ રકમ હોટલ મેનેજર-કાઉન્ટર ઉપર જમા કરાવી રસીદ લેવી.

**અંગત ખર્ચ :** જોવાલાયક સ્થળની ફી, બોટીંગ ખર્ચ, શિકારા, ટ્રોલી, રીક્ષા, રોપવે, ઘોડા, ટટ્ટુ, લોન્ડ્રી, બક્ષીસ, મજુરી વગેરે સ્વખર્ચે રહેશે. રસ્તામાં મેડીકલ વિગેરે ખર્ચ પ્રવાસીઓએ ભોગવવાનો રહેશે. જવા આવવામાં સંચાલક મદદ કરશે.

**કંપનીની બસ જશે નહીં સ્વખર્ચે જવાનું રહેશે :** સદર પ્રવાસમાં દર્શાવેલા સ્થળોમાં મહાબળેશ્વરમાં લોકલ સાઈટસીઈંગ માટે કંપનીની બસ જશે નહીં. ત્યાંથી દરેક પ્રવાસીએ સ્વખર્ચે/જોખમે ત્યાંના વાહનોમાં જવા આવવાનું રહેશે. વ્યવસ્થા કરી આપવામાં આવશે. પ્રવાસીઓએ સંચાલક/મેનેજરે આપેલ સમય મુજબ કંપની બસ જ્યાં પાર્કિંગ કરી હોય ત્યાં સમયસર આવવાનું રહેશે. હિલ સ્ટેશનો ઉપર સ્વેચ્છા વિહાર જાતે કરવાનું હોય છે.

**સામાન્ય નિયમો :** રોડ, ટ્રાફિક બસ અકસ્માત, બસ ખરાબી, ધુમ્મસ વરસાદ તથા અન્ય કારણોસર પ્રવાસ વહેલો મોડો થાય તો પણ નક્કી કરેલી તારીખે અને સમયે પ્રવાસ પૂરો કરવામાં આવશે. પ્રવાસ રસ્તામાં અટકશે તો બીજા વાહનો-ટ્રેન-ડેઈલી સર્વિસમાં પ્રવાસ આગળ ચાલશે તથા પૂરો કરવામાં આવશે. ટ્રેનમાં એક્સ્ટ્રા કોઈ સર્વિસ આપવામાં આવશે નહીં. પ્રવાસીઓએ પ્રવાસ પોતાના હિસાબે અને જોખમે કરે છે તે સમજી ટિકીટ/સીટ બુકીંગ કરવાની રહે છે. કોઈપણ પ્રવાસ રદ/કેન્સલ કરવા-પ્રવાસ પોતાના તથા સમય તારીખમાં ફેરફાર કરવા - રાત્રી રોકાણમાં ફેરફાર ભાવમાં ફેરફાર કરવા સંચાલકને સત્તા રહે છે. આકસ્મિક કોઈ કારણસર કોઈ સ્થળે ન જવાય - ન જોવાય તે અંગે કોઈ રીફંડ મળશે નહીં. અચાનક ડિઝલ, રાજ્યટેક્ષમાં વધારાનો ભાવફેર મજરે આપવાનો રહેશે. ૨૪ કલાક પહેલા ઓફિસ સમયમાં પ્રવાસ ઉપવડવા માટે ચોક્કસ તારીખ - સમય જાણી લેવા વિનંતી.

**ખાસ સૂચના :** શિસ્ત તથા નિયમો પાળવા માટે દરેક પ્રવાસી બંધાયેલ છે. કેફી પીણાં પીને કે બસમાં લઈને તથા પ્રતિબંધિત વસ્તુઓ સાથે લઈ આવવા-બેસવા ઉપર પ્રવાસમાં પ્રતિબંધ છે. પકડાશો તો પ્રવાસીને પ્રવાસમાં ઉતારી દેવામાં આવશે. દરેક પ્રવાસીએ બુકીંગ કરાવતા પહેલા બધા નિયમો વાંચી સમજ્યા છે તેમ સમજી બુકીંગ કરાવેલ છે. પ્રવાસીએ રસ્તામાંથી પોતાની અનુકૂળતાએ ઘરે ફોન કરવો સરળ રહે છે. બસ પ્રવાસ એ રોડ પ્રવાસ છે જેમાં અગવડતા-સગવડતા રહે છે. કોમળ પ્રકૃતિવાળા તથા કોઈ રોગના પિડિત, માનસિક અસરવાળાઓએ પ્રવાસમાં ન આવવા વિનંતી.

---

**ખાસ સૂચના :** આ ઈકોનોમી પ્રવાસો પ્રવાસીઓની ઈકોનોમી જળવાઈ રહે અને પ્રવાસનો આનંદમાણી શકે તે રીતે ગોઠવેલા છે. આ પ્રવાસમાં હોટલો સામાન્ય કેટેગરીની/બજેટ કેટેગરીની હોય છે. તેથી અમારા અન્ય ડિલક્ષ કે રોયલ કે અન્ય ઈન્ટરનેશનલ પ્રવાસો સાથે આ પ્રવાસોની સરખામણી કરવી નહીં. અને પ્રવાસમાં જોડાતા પહેલા હોટલો વિશેની ચોક્કસ માહિતી પણ પ્રવાસીએ મેળવી લેવી. પ્રવાસ ઉપડવા માટે સભ્ય સંખ્યા ૩૦ રહેશે. આ પ્રવાસ ચાલુ કરવા માટેનો અમારો આશય **સબ કા સાથ સબ કા પ્રવાસ માટેનો** છે. જેમ ઘણી મોબાઈલ કંપનીઓ રૂા.૧૫૦૦ નો ફોન બનાવે છે. અને તે જ કંપની રૂા. ૬૦૦૦૦ નો ફોન પણ બનાવે છે. તેવી જ રીતે અમે આ પ્રવાસનું આયોજન કરેલ છે.

**H.O. :** શકિત ૨૧, ઈન્ડસઈન્ડ બેન્કની ઉપર, કેશવબાગ પાર્ટી પ્લોટ થી માનસી સર્કલ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ -૧૫. ફોન :**૦૭૯-૪૦૩૩૦૦૦૦**

**અમદાવાદ બ્રાન્ચ : નવરંગપુરા :** ૦૭૯-૨૬૪૦૩૨૩૦ **ડ્રાઈવીન રોડ :** ૨૭૪૩૧૭૯૯ **મણિનગર : ૨૫૪૩૧૭૨૬ ખાડિયા :** ૨૨૧૪૯૬૭૨

**સુરત બ્રાન્ચ :** ૦૨૬૧-૨૭૭૪૧૫૧ **બરોડા :** ૦૨૬૫-૨૭૮૬૫૫૧ **મહેસાણા : ૦૨૭૬૨-૨૩૧૯૯૯ કલોલ :** ૭૦૪૩૮૬૦૦૨૨

**સાબરમતી :** ૭૪૮૬૯ ૫૧૦૦૨૪